| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૮/૦૭/૨૦૨૨ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૨૧૦/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૦૭/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩ | ૪,૩૫,000/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## શહેરકોટડા પોલીસ સ્ટેશન

## મિલકત સબંધી ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી. શ્રી "ડી" ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. કે.બી.સાંખલા તથા પો.ઇન્સ ડી.બી.ડાભી નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા મહેશકુમાર દેવકીનંદન ચિતોરીયા(નાઇ) ઉ.વ.૨૮ રહે-મ.નં.૬૧-૬૨, સરસ્વતીનગર, સવગુણનગર સોસાયટી પાસે, મેઘાણીનગર, અમદાવાદ શહેર. નાઓની વિરુધ્ધમાં (૧) શહેરકોટડા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૧૧૭૭૯/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબ તથા નં.(૨) ઓઢવ પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૭૨૧૧૫૬૦/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબ તથા નં.(૩) શહેરકોટડા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૨૦૬૨૩/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/ ૨૭૩/૨૦૨૨ તા.૨૨/૦૩/૨૦૨૨ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૨૨/૦૩/૨૦૨૨ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૧૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૧૪૬ લીટર દેશી દારૂ, ૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૩૦ બિયર ટીન અને ૫ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૯ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૭૦,૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૧૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૧૩/૨૦૨૨**

**માધવપુરાઃ** અભિષેક દિપચંદભાઇ બાફના (ઉ.વ.૪૦) (રહે. કુશલવાટીકા રાજસ્થાન હોસ્પીટલ પાછળ શાહીબાગ) એ તા.૦૭/૦૭/૨૦૨૨ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માધવપુરા સુમેલ -૬ દુધેશ્વર મમતા કોમોડીટીઝ એન્ડ સિક્યુરીટીઝના નામથી ડી/૧૦૯ ઓફીસ ખાતે મોબાઇલ ફોનની એસેસરીઝનો ધંધો કરતા હોઈ તા.૨૫/૦૯/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) નીક્કી ઇન્ફોટેક પ્રાઇવેટ લીમીટેડ નામની કંપનીના ડાયરેકટરો (૨) ધનપતરાજ ભંડારી (૩) નિખીલ ધનપતરાજ ભંડારી (રહે. SCB no ૨-૨૨-૧૩૨ પ્લોટ નંબર ૧૧ બીજોમાળ માર્ગદર્શી કોલોની રસોલપુરા સિકંદ્રાબાદ તેલંગાણા) એ અભિષેક બાફનાને નીક્કી ઇન્ફોટેક પ્રાઇવેટ લીમીટેડ નામની કંપનીના નામથી માય ટી.વી.એસ કંપનીના બ્રાન્ડની મોબાઇલ ફોનની અલગ-અલગ એસેસરીઝ સેમ્પલ તરીકે મોકલી વિશ્વાસમાં લઈ પ્રથમ મટીરીયલ સારૂ મોકલી ત્યારબાદના ઓર્ડર પ્રમાણે માલના રૂપિયા ૪,૭૪,૪૨૧/- મેળવી લઈ સેમ્પલ મુજબનો માલ નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૨૧૪/૨૦૨૨**

**નરોડાઃ** વિનોદસિંહ ભવાનસિંહ ચાવડા (રહે. સુરભી શિલાલેખ સોસાયટી ગેલેક્ષી રેસીડેન્સીની બાજુમાં કઠવાડા રોડ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૭/૨૦૨૨ થી તા.૦૭/૦૭/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન નરોડા સ્મશાન ચાર રસ્તા પાસે નવી બનેલ દેવઆશીષ સ્કાય નામની સાઇટના ઇ-બ્લોકનાં ચાલીસ જેટલા મકાનોના દરવાજા ખોલી અજાણી વ્યક્તિ મકાનોમાં પ્રવેશ કરી મકાનોમાંથી ઇલેક્ટ્રીક બોર્ડમાં લાગેલ ઇલેક્ટ્રીક એમ.સી.બી.મેઇન સ્વીચ નંગ-૪૦ તેમજ ઈલેક્ટ્રીક વાયર અને ઇલેક્ટ્રીક એમ.સી.બી.મેઇન સ્વીચ મળી કુલ કિમત રૂપિયા ૮૭,૯૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

**રામોલઃ** અહેમદભાઈ ઈબ્રાહીમભાઈ મંસુરી (રહે. જનતાનગર રામોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૭/૨૦૨૨ રાતના ૧૧/30 થી તા.૦૭/૦૭/૨૦૨૨ કલાક ૫/00 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન નંગ-૨ અને રોકડ રૂપિયા ૧૫00/- મળી કુલ રૂપિયા ૮૮,૧00/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સોલંકી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૧૫/૨૦૨૨**

**ઓઢવઃ** સુનીતાબહેન વા/ઓ રાજેશભાઇ તિવારી (ઉ.વ.૪૫) (રહે. જેસલપાર્ક સોસાયટી આપા હોટલ પાછળ અંબિકાનગર ઓઢવ) તા.૦૭/૦૭/૨૦૨૨ બપોરના ૩/00 વાગે મણીનગર બીઆરટીએસ બસ સ્ટોપથી ઓઢવ ફાયર બ્રીગ્રેડ બીઆરટીએસ બસ સ્ટોપ સુધીની મુસાફરી દરમ્યાન સુનિતાબહેન તિવારીના પર્સની ચેઇન ખોલી અજાણી વ્યક્તિએ સોનાનુ મંગળસુત્ર પેડલ સાથે કિમત રૂપિયા ૬0,000/-, સોનાની કડીઓ કિમત રૂપિયા ૩0,000/- અને રોકડ રૂપિયા ૩000/- મળી કુલ રૂપિયા ૯૩,000/- મતાની ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ સુનિતાબહેન તિવારીએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૧૬/૨૦૨૨**

**વટવા જીઆઈડીસીઃ** મુકેશભાઇ મેફાભાઇ મુંધવા (રહે. જુની વસાહત મેલડીમાતાના મંદિર પાસે જશોદાનગર) એ તા.૦૫/૦૭/૨૦૨૨ રાતના ૮/00 વાગે મુકેશભાઈની ઓફીસ સામે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ ટાટા કંપનીનુ ડમ્પર નંબર જીજે ૨૭ ટીટી ૭૭૭૯ કિમત રૂપિયા ૧૫,00,000/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી તા.૦૬/૦૭/૨૦૨૨ કલાક ૮/00 વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ મુકેશભાઈ મુંધવાએ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૧૭/૨૦૨૨**

**સરદારનગરઃ** સરદારનગર નોબલનગર રાજીવનગર ખાતે રહેતા લાલજીભાઇ મોતીભાઇ વાઘેલા નાઓની ચૌંદ વર્ષની પુત્રી ભુમિ એ અગમ્ય કારણસર તા.૦૬/૦૭/૨૦૨૨ સાંજના ૫/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડના પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી બાબુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી